મહત્તમ : ૩૨.૬ ડીગ્રી
લઘુતમ : ૨૪.૭ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૮૧ ટકા
ગાંધીનગર તાપમાન

લીંબુના ભાવમાં ઉછાળો : મરચાં-ધાણાં પણ મોંઘા

શહેરના બજારોમાં લીંબુ તો છે પણ તેની ખરીદીમાં ધરખમ ઘટાડો થયો છે જે શાકભાજી ૨૦-૩૦ રૂપિયા કિલોમાં વેચાતા હતા તે ૨૦૦ રૂપિયામાં મળી રહ્યા છે

ગાંધીનગર, તા.૨૦

સતત વધી રહેલા પેટ્રોલ ડીઝલના ભાવની અસર દૈનિક જીવન જરૂરિયાતની ચીજો ઉપર પણ પડી રહી છે. ત્યારે રોજીંદા વપરાશના શાકભાજી અને અનાજના ભાવમાં સતત વધારો નોધાઈ રહ્યો છે. ત્યારે રસોઈનો સ્વાદ વધારતા ધાણા-મરચા અને લીંબુના ભાવમાં ફરી એક વાર મોટો ભડકો થયો છે. સામાન્ય રીતે કહીએ તો ગૃહિણીઓ નું બજેટ ખોરવી નાખ્યું છે તો સાથે રસોઈનો સ્વાદ પણ બગાડી નાખ્યો છે.

શહેરમાં સતત વધતા ઈંધણના ભાવને કારણે ટ્રાન્સપોટેશન મોંઘુ થયુ છે. તો અનરાધાર વરસાદના કારણે ખેડૂતોનો પાક પણ ધોવાઈ ગયો છે. જેની માઠી અસર અનાજ અને શાકભાજી ના ભાવ ઉપર જોવા મળી રહી છે. હાલમાં બજારમાં લીંબુ ૧૨૦ રૂપિયે કિલો પહોચ્યા છે તો ધાણા નો ભાવ પણ ૧૨૦ આસપાસ પહોચ્યો છે. શાકભાજી સાથે અનાજ, દાળ અને કઠોળ પણ એટલા જ મોંઘા બની ગયા છે. બજેટ પ્રમાણે રસોડું ચલાવવું વર્તમાન સમય મુશ્કેલ બની રહ્યું છે. જે શાકભાજી ૨૦-૩૦ રૂપિયાના કિલો મળતા હતા. તેના માટે આજે ૨૦૦-૨૫૦ રૂપિયે કિલો વેચાઈ રહ્યા છે. સતત વધતી મોંઘવારીમાં મધ્યમવર્ગ માટે ઘર ચલાવવું મુશ્કેલ બનતું જાય

છે. પેલી એક ફિલ્મનું ગીત છે ને કે, મહેંગાઈ ડાયન ખાયે જાવત હૈ.. વાતમાં દમ છે. ક્યારેક ટામેટા, ક્યારેક ડુંગળી, ક્યારેક લીંબુ , ક્યારેક બટાકાને વળી પેટ્રોલ-ડીઝલ ની તો વાત જ ક્યાં કરવી મોંઘવારી ના મુખ્ય કારણોમાં આ સામેલ છે.

ત્યારે અહીં મિડલ ક્લાસ ની સમસ્યાઓ પણ રોજે રોજ વધતી જાય છે કે, જીવનના બે છેડા ભેગા કેમ કરવા કોરોના કાળ દરમિયાન લીંબુની માંગ વધી ગઈ હતી જેની ખરીદી કરવી સામાન્ય જનતા ને મોંઘુ પડ્યું હતું.

જો કે હાલ માં છેલ્લા ૨ મહિના માં લીંબુ નાં ભાવ ઘટ્યા હતા જેમાં હવે ફરીથી ઉછાળો આવ્યો છે.તહેવારો ની મોસમ પણ ચાલી રહી છે ત્યારે ગૃહિણીઓને તહેવારો માં મોંઘવારી નો માર સહન કરવો પડી રહ્યો છે. એક બાદ એક તમામ ચીજવસ્તુઓ મોંઘી જ થતી જાય છે જેની સામે કમાણી ની આવકમાં વધારો થતો નથી તેથી ગરીબ અને મધ્યમ વર્ગ મોંઘવારી માં પીસાય રહ્યો છે.

બજારોમાં લીંબુ તો વેચાય છે પણ લીંબુ ની ખરીદી માં ધરખમ ઘટાડો નોંધાશે રોજબરોજ વાપરતા લોકો હવે લીંબુની ખરીદીમાં વિચારતા થઈ ગયા છે તેથી બજાર માં પણ મોંઘવારી ની અસર જોવા મળી રહી છે.

મિલ વર્કરના દીકરાએ રાષ્ટ્રીય સ્તરે ડંકો વગાડ્યો!

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતી માધ્યમમાં શિક્ષણ, સાધારણ પરિવાર અને એક સપનું - એન. ડી. એ.ની પરીક્ષા પાસ કરી આર્મીમાં જોડાવવાનું! આવું જ એક સપનું જોયું ગુજરાતના કેવલ પરમાર એ. સંજોગો તેમને અનુકૂળ નહોતા પણ તેમનો નિશ્ચય દ્રઢ હતો. દેશની પ્રતિષ્ઠિત ગણાતી એવી નેશનલ ડિફેન્સ એકેડમી એટલે કે એન.ડી.એની પરીક્ષા કેવલએ સફળતાપૂર્વક પાસ કરી છે. કેવલ એક સાધારણ પરિવારમાંથી આવે છે. કેવલના પિતા એક મિલ વર્કર છે અને તેમની માતા ગૃહિણી છે. તેમના પરિવારમાંથી આજ સુધી સંરક્ષણ ક્ષેત્રે કોઈએ પણ કરિયર બનાવ્યું નથી. એન.ડી.એની પરીક્ષા આપવી એ પણ એક અલગ જ નિર્ણય હતો. આ

નિર્ણયમાં કેવલના માતા પિતા એ પણ તેને સહયોગ આપ્યો અને આગળ તૈયારી કરવાની ભલામણ કરી. કેવલએ ખૂબ રિસર્ચ કર્યા બાદ ગુજરાતનું સૌ પ્રથમ અને સંરક્ષણ ક્ષેત્રે કરિયર બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા કાર્યરત એવું ગાંધીનગર અને અમદાવાદ સ્થિત ડિફેન્સ યુનિકોર્ન ઈન્સ્ટિટયૂટમાં જરૂરી માર્ગદર્શન લેવા માટે જોડાવાનો નક્કી કર્યું. કેવલએ નડિયાદની એક ગુજરાતી માધ્યમ સ્કૂલમાં અભ્યાસ કર્યો છે. તેઓ ક્લાસીસમાં નિયમિતરૂપે જોડાતા હતા અને શિષ્ટતા સાથે દરેક ક્લાસ ભણતા હતા. કેવલના કહ્યા પ્રમાણે "દ્રઢ નિશ્ચય, જુસ્સો, અને સાચું માર્ગદર્શન જો હોય તો કોઈપણ કાર્ય અશક્ય રહેતું નથી". જાણવા લાયક વાત એ પણ છે કે કેવલ એ અગાઉ બે વખત એન.ડી. એ.ની પરીક્ષા આપી હતી પણ સફળ ન રહ્યા. હિંમત હાર્યા વગર તેમણે તૈયારી ચાલુ રાખી અને યોગ્ય માર્ગદર્શન લેવાનું નક્કી કર્યું.

ત્યારે એ ડિફેન્સ યુનિકોર્ન સંસ્થામાં જોડાયા અને સચોટ માર્ગદર્શન હેઠળ પેહલા જ પ્રયાસમાં પરીક્ષામાં ઉત્તીર્ણ થયા.

સરકારી ઈજનેરી કોલેજ ખાતે પ્રોસેસિંગ એન્ડ કેરેક્ટરાઈજેશન-૨૦૨૨નું ઉદઘાટન

ઉચ્ચ શિક્ષણના તાબા હેઠળના મેટલર્જી વિભાગ (NBA Accredited),સરકારી ઈજનેરી કોલેજ, સેકટર-૨૮, ગાંધીનગર ખાતેગુજકોસ્ટ-ડીએસટી સ્પોંસર્ડ, ડીટીઈ અપ્રૂવડ સાપ્તાહિક ફેકલ્ટી ડવલપમેંટ પ્રોગ્રામ ‘‘પ્રોસેસિંગ એંડ કેરેક્ટરાઈજેશન (PCM 2022)"નું આયોજન તારીખ ૧૯ થી ૨૩ સેપ્ટેમ્બર ૨૦૨૨દરમિયાન કરેલ છે. આ ફેકલ્ટી ડવલપમેંટ પ્રોગ્રામના સંયોજક મેટલર્જી વિભાગના પ્રાધ્યાપકો ડૉ.દૌલત શર્મા તથા પ્રા. ડી. વી. મહંત છે. ઉપરોક્ત તાલીમમાં ગુજરાતની વિવિધ નામાંકિત સંસ્થાઓ અને ઈંડસ્ટ્રીજ ખાતેથી પાર્ટીશિપેંટ્શ ભાગ લીધેલ છે જેનો મુખ્ય હેતુ મટિરિયલ્સની આધુનીક પ્રક્રિયા અને તેના વિવિધ કેરેક્ટરાઈજેશન વિષયનું તજજ્ઞનો દ્વારા તાલીમ આપવાનું છે. ફેકલ્ટી ડવલપમેંટ પ્રોગ્રામનું ઉદઘાટન ડૉ.ગૌતમ ઉપાધ્યાય આચાર્ય, MGITER, નવસારીઅને ડૉ. સ્વેતા. પી. દવે, આચાર્ય, સરકારી ઈજનેરી કોલેજ ગાંધીનગરના હસ્તે વિવિધ ખાતાના વડાઓની ઉપસ્થિતિમાં ૧૯મી સેપ્ટેમ્બર ૨૦૨૨ રોજ કરવામાં આવેલ છે.

વી હમ ગ્રૂપ દ્વારા ઈનામ વિતરણ અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

વી હમ ગ્રુપ અને માનવ કલ્યાણ ફાઉન્ડેશન કર્ણાવતી દ્વારા ગુજરાતી ભાષા સાહિત્ય પરિષદ ખાતે દ્વિતીય ઈનામ વિતરણ તથા સન્માન કાર્યક્રમ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું અદ્ભુત આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અતિથિ વિશેષ તરીકે કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચેરમેન તથા ઈન્ડીયન રેલ્વે મિનિસ્ટ્રીમાં ડાયરેક્ટરના પદે બિરાજમાન વલ્લભભાઈ એમ પટેલની ઉપસ્થિતિ જોવા મળી હતી અને સંસ્થા દ્વારા કરવામાં આવતી અનેક સામાજિક પ્રવૃતિઓને તેમને બિરદાવી હતી. સંસ્થા વર્ષ દરમિયાન અન્ય ઘણી સામાજીક સંસ્થાઓ સાથે મળીને સામાજીક ક્ષેત્રે અનેક પ્રવુતિઓ કરે છે જેમકે રાધે રાધે પરીવાર ગાંધીનગર,ઓમ ભોલે ચેરીટેબલ ટ્રસ્ટ, કર્મયોગ ફાઉન્ડેશન, સર્વ નેતૃત્વ ટીમ KSV, સ્પ્રેડિંગ સ્માઈલ ટ્રસ્ટ જેવી અનેક સંસ્થાઓને તેમના દ્વારા કરવામાં આવતી સમાજ ઉપયોગી કાર્યો બદલ બિરદાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં સ્પોન્સર તરીકે નવનીતભાઈ અત્તરવાલા તથા રામગોપાલજી શર્માએ જવાબદારી લીધી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન અને આયોજન નરેન્દ્રભાઈ શર્મા , વૈદેહિંબેન સુથાર, પુંનમબેન આચાર્ય, રાજેશભાઈ વાઘેલા તથા રાજુભાઈ ભાણાભાઈનો સાથ અને સહકાર પ્રાપ્ત થયો હતો.

પંચામૃત કાર્યક્રમ અંતર્ગત મહાત્મા ગાંધી વિદ્યામંદિર ખાતે ચિત્ર સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત સરકારના કલાયમેટ ચેન્જ વિભાગ દ્વારા યુવાનો માટે ‘‘પંચામૃત ફોર કલાયમેટ ચેન્જ’’ કાર્યક્રમ શરુ કરવામાં આવ્યો છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા તા.૧૭મી સપ્ટેમ્બર ના રોજ આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ ૩૦ સપ્ટેમ્બર સુધી યોજાવાનો છે જે અંતર્ગત શાળા, કોલેજના વિદ્યાર્થીઓ કલાયમેટ ચેન્જ,ગ્લોબલ વોર્મિંગ વિષે માહિતગાર થાય તથા પર્યાવરણ સંરક્ષણમાં મહત્વની ભૂમિકા અદા કરે તે હેતુ ૧૫ દિવસ જુદા જુદા સ્થળો પર કાર્યક્રમો યોજાશે.આ કાર્યક્રમના ભાગરૂપ ગુજરાત એનર્જી ડેવલોપમેન્ટ એજન્સી (જેડા) અને ગુજકોસ્ટ પ્રેરિત,નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના ઉપક્રમે મહાત્મા ગાંધી વિદ્યામંદિર ખાતે ચિત્ર સ્પર્ધાનું આયોજન તા.૨૨ના રોજ સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમ્યાન રાખેલ છે. જેમાં વિદ્યાર્થીઓ પ્રદુષણ, પૃથ્વી બચાવો, ગ્લોબલ વોર્મિંગ, જલ સંરક્ષણ, ખોરાકનો આદર કરો, વનીકરણ, પ્લાસ્ટિકને ના કહો, ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ વધારો, ઓઝોન સ્તર સંરક્ષણ જેવા જુદા જુદા વિષયો પર ચિત્રો દોરશે. ભાગ લેનાર વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવશે.

માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના ઉપક્રમે સન્માન સમારોહનું આયોજન

ગાંધીનગર, તા.૧૯

"માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન"ના ઉપક્રમે દિનાંક ૨૪ સપ્ટેમ્બરને શનિવારે સવારે ૧૧ થી ૧ દરમિયાન એક વિશેષ કાર્યક્રમ "ગુજરાત વિશ્વકોશ ભવન", ઉસ્માનપુરા ખાતે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં માતૃભાષા સજ્જતા અને તેના સંરક્ષણ તથા સંવર્ધન માટે વિવિધ શ્રેણીઓમાં આપેલ યોગદાન બદલ પુરસ્કારોથી સન્માનિત કરવાના સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં લેખક શ્રેણીમાં કલ્પેશ પટેલ, કવિ શ્રેણીમાં હર્ષદ સોલંકી, વિદ્યાર્થી શ્રેણીમાં કુ.વિધિ વણઝારા, વિદ્યાલય શ્રેણીમાં માણાવદરની પરિશ્રમ એકેડેમી, શિક્ષક શ્રેણીમાં ડૉ. રાકેશ રાવત અને ભાવક શ્રેણીમાં ઉકાભાઈ વઘાસિયાને સન્માનિત કરાશે. આ સમારોહમાં માતૃભાષા પ્રત્યે નિષ્ઠા, સાધના અને સજ્જતા માટે વિનાયક ધોત્રેને વિશિષ્ટ "માતૃભાષા ગૌરવ" પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના અધ્યક્ષ ભાગ્યેશભાઈ જહા છે અને ઉપાધ્યક્ષ હર્ષદભાઈ શાહ છે.

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી ખાતે શોર્ટ ટર્મ કોર્સીસનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો

બાપુ ગુજરાત નોલેજ વિલેજ સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી ખાતે તા. ૧૯-૦૯-૨૦૨૨ ના રોજ જી.ટી.યુ. સેન્ટર ફોર કટીન્યુસિંગ એજ્યુકેશન દ્વારા પ્રમાણિત શોર્ટ ટર્મ કોર્ષ ઑન " એડ્વાન્સ બિમ યુસિંગ ઓટોડેસ્ક રેવીટ" અને " પી.એલ.સી.- સ્કાડા પ્રોગ્રામિંગ " નો ઉદ્ઘાટન સમારોહ યોજાયો. જેમાં કાર્યક્રમના મુખ્ય અતિથિ પ્રોફેસર મહેશ પંચાલ આસિસ્ટન્ટ પ્રોફેસર, (જી,ટી,યુ.-જી.એસ.ઈ.ટી.), હર્ષિલભાઈ શાહ (ડિરેક્ટર, સીમેટ્રિક-કેડ સોલ્યુસન), જીગ્ના દવે (મેનેજર-સોફકોન ઈન્ડિયા પ્રા. લી.-અમદાવાદ) ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત પધારેલ અતિથિ વિશેષોએ પોતાના વક્તવ્યમાં જણાવ્યુ હતું કે મિકેનિકલ, સિવિલ અને ઈલેક્ટ્રિકલ એન્જીનિયરીંગ શાખાના વિદ્યાર્થીઓને અદ્યતન ટેકનોલોજીની તાલીમ પૂરી પાડવામાં આવશે. આ સફળ પ્રસંગ નિમિત્તે સંસ્થાના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા, કેમ્પસ ડાયરેક્ટર પ્રો. રવિકુમાર અને એન્જીનિયરીંગના પ્રિન્સિપાલ ડૉ. કિંજલ અધ્વર્યુ, ડિપ્લોમા એન્જિનિયરિંગ કોલેજના પ્રિન્સિપાલ ખાલિદ સિદ્દીકી અને તેમના સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓની સફળ કારકિર્દી માટે અભિનંદન પાઠવ્યા હતા.

વિશ્વકર્મા જયંતિએ મહિલા ITIનો પદવીદાન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના સેક્ટર-૧૫માં મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે આજે વિશ્વકર્મા જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના વિવિધ ટ્રેડમાં ઉત્તિર્ણ થયેલી મહિલા તાલીમાર્થીઓનો પદવીદાન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે આઈએમસી કમિટીના ચેરમેન મુકેશભાઈ પટેલ સહિત ચૈતન્ય શુક્લ, નિર્મલ પટેલ તેમજ સંસ્થામાંથી તાલીમ મેળવીને વિવિધ ક્ષેત્રે નોકરી-વ્યવસાય કરીને પોતાની પ્રગતિની કેડી કંડારનાર સંસ્થાની ભૂતપૂર્વ તાલીમાર્થી વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાના પ્રિન્સિપાલ હેમાબેન સાવલિયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

નમો કિસાન પંચાયત માટે ઈ-બાઈકનું લોન્ચિંગ

ગાંધીનગર, તા.૨૦

કિસાન મોરચા દ્વારા નમો કિસાન પંચાયત માટે ઈ બાઈક બનાવવામાં આવેલ છે જે તમામ મતવિસ્તારોમાં ફરશે અને સરકારની ખેડૂતલક્ષી યોજનાઓ એલઈડી સ્ક્રીન પર નાગરિકોને બતાવશે આ એ બાઈક ને ફ્લેગ કરવા માટે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા ભાજપા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ ભાજપા ગુજરાતના મહામંત્રી પ્રદીપસિંહજી વાઘેલા તેમજ કિસાન મોરચાના અધ્યક્ષ હિતેશભાઈ પટેલ સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા

પેથાપુર દિગંબર જૈન સમાજ ધ્વારા પાવાગઢ સિદ્ધ ક્ષેત્રની વંદના

ગાંધીનગર, તા.૨૦

પેથાપુર દિગંબર જૈન સમાજ ધ્વારા ગુજરાતની પૂર્વ સીમામાં આવેલા પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકામાં સ્થિત રમણીય પર્વત પાવાગઢ સિદ્ધ ક્ષેત્રની વંદના કરવામાં આવી હતી. શ્રી રામજીના પુત્ર લવ તથા કુશ ભગવાન તેમજ પાંચ કરોડ મુનિઓની નિરવાણ ભૂમિ હોવાથી પાવાગઢ જૈનોમાં સિદ્ધ ક્ષેત્ર તરીકે ઓળખાય છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.શર્મા ધર્મેન્દ્રકુમાર અશોકભાઈ ઉ.વ.૩૧, મોટા ચિલોડા
- સ્વ.ઝાલા હલાશબા રણજીતસિંહ ઉ.વ.૬૬, સેકટર-૬
- સ્વ.પટેલ સેતુબેન બળવંતભાઈ ઉ.વ.૫૨, સેકટર-૨૨
- સ્વ.ઠાકોર જવાનજી મોઘાજી ઉ.વ.૮૫, ધોળાકુવા, માણસા
- સ્વ.ગોહિલ બબાજી કોદરજી ઉ.વ.૬૫, બીલમણા, દહેગામ
- સ્વ.નિરાશ્રિત રાણાભાઈ વસરામભાઈ ઉ.વ.૮૦, બાલવા, માણસા
- સ્વ.ભરવાડ જગદીશભાઈ રઘુભાઈ ઉ.વ.સેકટર-૧૪, ગોકુળપુરા
- સ્વ.સોલંકી શિવાભાઈ વાલાભાઈ ઉ.વ.૮૫, ચિલોડા મોટા

● રૂદ્રભૂમિ ●

- સ્વ.જીવાણી કાનજીભાઈ ઓઘવજીભાઈ ઉ.વ.૫૨, કુડાસણ

જન્મદિને વધામણી

વિપુલ ચૌહાણ
મો. ૯૦૬૭૧ ૩૧૩૭૨

સલીમ યુ મોદન
એડવોકેટ

જયેન્દ્રભાઈ ઠાકોરલાલ સોની
મો. ૯૪૨૮૮ ૦૫૬૨૬

લીલાબેન જી સોલંકી
મો. ૯૫૮૬૬ ૯૮૬૭૯

આર્યા વિપુલકુમાર પટેલ

કૃપાબેન મનોજભાઈ જોષી
મો. ૯૭૨૪૫ ૧૨૦૬૬

વૈદેકા બ્રિજેશસિંહ પરમાર

વૈદેહી બ્રિજેશસિંહ પરમાર

ધ્રુવા જોષી
મો. ૯૮૨૪૨ ૫૬૪૧૦

ઋષી પટેલ
મો. ૯૩૧૬૧ ૭૦૩૧૦